# માણસા ડિસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલને ડિસ્ટ્રિક્ટ લેવલની હોસ્પિટલ બનાવાશે

## માણસાની ૧૨૫ બેડની આ હોસ્પિટલમાં ૩૦૦ બેડની સુવિધા કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૫

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા ગાંધીનગરના સાંસદ અને માણસાના વતની અમિતભાઈ શાહે શનિવારે માણસાને અનેક વિકાસકામોની ભેટ આપી હતી. જે પૈકી માણસામાં નજીકના ભવિષ્યમાં જ અતિ આધુનિક સુવિધાઓ સાથેની સિવિલ હોસ્પિટલ શરૂ કરાશે. આ માટે માણસાના નાગરિકોને જવાબદારી ઉઠાવી લેવા તેમને આહવાન કર્યુ હતુ. માણસા ડિસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલને ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલનો દરજ્જો આપી તેની હાલની પથારીની ક્ષમતા દોઢી કરવામાં આવશે. હાલ ૧૨૫ બેડની આ હોસ્પિટલ છે જેમાં વધારો કરી ૩૦૦ બેડની વ્યવસ્થા કરાશે. માણસા ડિસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલને ડિસ્ટ્રીક્ટ લેવલની હોસ્પિટલ બનાવવા માટે અમિત શાહની હાજરીમાં પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલનો દરજ્જો આપવા માટે ખાસ રજૂઆત કરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લો એવો છે જ્યાં ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલનો દરજ્જો ધરાવતી હોસ્પિટલ જ નથી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પાસે પહેલા આ દરજ્જો હતો પરંતુ મેડિકલ કોલેજ આવતા હોસ્પિટલ સંચાલન કોલેજ હસ્તક જતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલને આ દરજ્જો ગુમાવવો પડ્યો છે. હવે માણસાની ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલને વધુ સારી અને ગુણવત્તાવાળી બનાવવા માટે તેની બેડની સંખ્યા વધારવામાં આવશે અને ગેપ એનાલિસિસમાં ગુણવત્તાસભર સેવાઓ માટે જે કોઈ પણ ત્રુટિયો જણાય છે તેની પૂર્તી કરવા માટે પણ તંત્રએ કમર કસી છે.

આ નાણાકીય વર્ષના અંતમાં પહેલા ૩૦૦ બેડ ઉભા કરી દેવાશે અને ત્યાર પછી કાર્યવાહી હાથ ધરાશે તેવો નિર્ણય લેવાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે પણ તંત્રએ માણસા ડિસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલને સિવિલનો ગરજ્જો આપવાની દરખાત રાજય સરકારને મોકલી આપી હતી. પરંતુ નાણાકીય અભાવ અને સિમિત સંશાધનોને લઈ આ દરખાસ્ત પર ધૂળ ચડી ગઈ છે. હવે તંત્ર આ ધૂળ ખંખેરશે. રાજયના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ, ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ, આરોગ્ય સચિવ જયપ્રકાશ સિવહરે તથા આરોગ્ય કમિશનર સમીમા હુસેન હાજર રહ્યા હતા.

## શરીરના તમામ વિભાગના સીટી સ્કેન થતાં દર્દીઓમાં વધારો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના રેડીયોલોજી વિભાગમાં સીટીસ્કેન માત્ર બ્રેઈનનો જ થતો હતો. જેથી તંત્ર દ્વારા સીટીસ્કેનમાં રહેલી ક્ષતિઓ દુર કરી મશીનને અપગ્રેડ કરતા તમામ વિભાગના સીટીસ્કેનનો પ્રારંભ થઈ ગયો છે. સિવિલ હોસ્પિટલમાં દિવસ દરમિયાન માત્ર ૧૦ થી ૧૨ સીટીસ્કેન થતા હતા, તેના સ્થાને હાલના સમયે ૨૦ જેટલા સીટીસ્કેન થાય છે. જયારે બીપીએલ, મા કાર્ડ, પીએમજેવાય કાર્ડના દર્દીઓના સીટીસ્કેન વિનામુલ્યે કરવામાં આવે છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ત્યારે ઓપીડી અને તાત્કાલીક વિભાગ ધમધમતો રહે છે. ત્યારે સિવિલના રેડીયોલોજી વિભાગમાં સીટીસ્કેની સેવાનો પ્રારંભ થયો હતો. પરંતુ માત્ર બ્રેઈનના જ સીટીસ્કેન થતા અકસ્માતના દર્દીઓ જ આવતા હતા. જે દિવસ દરમિયાન માત્ર ૧૦ થી ૧૨ સીટીસ્કેનના દર્દીઓ આવતા હતા. ત્યારે સિવિલમાં શરીરના અન્ય વિભાગના સીટી સ્કેન થતા ના હોવાથી દર્દીઓને બહાર સીટીસ્કેન કરાવતા હોવાથી આર્થિક ભારણ વધી જતુ હતું. ત્યારે હાલના સમયે સિવિલના રેડીયોલોજી વિભાગમાં માત્ર ૧ હજારમાં શરીરના અન્ય ભાગ જેવા કે ગળાનું, પગનું, છાતીનું, કાન સહિતના શરીરના ભાગના નોન-કોન્ટ્રાસ્ટ સીટીસ્કેનની તપાસ થાય છે. ગાંધીનગર શહેરમાં રહેલા સીટીસ્કેનમાં રહેલી ક્ષતિઓ દુર કરવામાં આવતા અને મશીનને અપગ્રેડ કરવામાં આવતા સીટી સ્કેન માટે ધક્કા ખાતા દર્દીઓને રાહત મળશે.

## વાવોલ હોટલ લીલા સામે માર્ગ પર બોલેરો - ટ્રક વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના ક-૫ થી વાવોલ તરફ જવાના માર્ગ પર લીલા હોટલની સામે ચોકડી પર ટ્રક અને બોલેરો ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બોલેરોમાં સવારે બે વ્યકિતને નાની મોટી ઈજા પહોંચી હતી. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પાટણ જિલ્લાના વાગડોદ ગામના ઈશ્વરભાઈ કાળુભાઈ રબારી પોતાની બોલેરો ગાડી નં.જી.જે.૨૪.એકસ-૨૪૨૩ લઈને વાવોલ ખાતે રહેતી દિકરીના ઘરે આવ્યા હતા. દિકરીના ઘરે થી ઈશ્વરભાઈ અને તેમના પુત્ર વધુ ગાડીમાં બેસી રવાના થયા હતા. ત્યારે હોટલ લીલા પાસે રોડ ક્રોસ કરતા હતા તે સમયે ક-૫ તરફથી આવી રહેલા ટ્રક નં. જી.જે.૩૨.વી.૨૮૨૮ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે ટ્રક હંકારી બોલેરો ગાડીને ટકરાઈ હતી. જેમાં ઈશ્વરભાઈને ડાભા હાથે મુઢ માર વાગ્યો હતો. જયારે તેમના પુત્રવધુ આશાબહેનને માથાના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચી હતી. ત્યારબાદ ઈશ્વરભાઈએ તેમની દિકરીને ફોન કરતા તેઓ આવી પહોચ્યા હતા અને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યારે બનાવ અંગે ઈશ્વરભાઈએ ટ્રક ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## કૌટુંબિક વિખવાદના કેસોમાં બાળકોના અધિકારોનું ધ્યાન રાખવું સમયની માંગ : જસ્ટિસ રવિકુમાર ત્રિપાઠીસ

ગાંધીનગર, તા.૨૫

એનએફએસયુ અને નેશનલ કમિશન ફોર વુમનના સંયુકત ઉપકમે ફેમિલી કોર્ટસ એકટ, ૧૯૮૪ની સમીક્ષા અંગે પશ્ચિમ પ્રાદેશિક પરામર્શ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ન્યાયાધીશ રવિકુમાર ત્રિપાઠી, અધ્યક્ષ ગુજરાત રાજય માનવ અધિકાર આયોગે પોતાના અધ્યક્ષીય ભાષણમાં આ કાયદા સંદર્ભે એક સુદ્રઢ પ્રણાલી વિકસાવવા પર ભાર મુકયો હતો અને જણાવ્યું કે ફેમીલી કોર્ટસ એકટમાં કેટલીક વ્યવહારીક મુશ્કેલીઓ જણાય છે જેને દુર કરવા માટે વર્તમાન માળખામાં સુધારો કરવો જરૂરી છે. કૌટુંબિક વિખવાદના કેસોમાં બાળકોના સંવેદનશીલ સ્વભાવના કારણે ખાસ ધ્યાન રાખવું અતિ આવશ્યક છે. જયારે એનએફએસયુના કુલપતિ જે.એમ.વ્યાસે સ્વાગત પ્રવચન કર્યું હતું.

## જમીન ડખામાં ઉશ્કેરાયેલા શખ્સે મામા અને માસીના દીકરા પર ધારીયા વડે હુમલો કર્યો

ગાંધીનગર, તા.૨૫

વલાદ ગામની સીમમાં પ્રભુપુરા ગામે પોતાના મામાની જમીન બાબતે સામાજીક રીતે નિકાલ કરવા માટે ગયા હતા. તે દરમિયાન ફરીયાદીને માસીના દિકરાએ પગના થાપાના અને હાથની કોણીના ભાગે ધારીયાના હાથો માર્યો હતો. જયારે ઉશ્કેરાયેલા શખ્સે તેના મામાને જમણા કાંડા પર તેમજ અરવિંદભાઈને ડાબા હાથના ભાગે ધારીયાના હાથો મારી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પાલજ ગામ મહાકાળી માતાના વાસ ખાતે રહેતા શૈલેષ મહેન્દ્રભાઈ વાઘેલા માતા-પિતા, પત્નિ અને બે દિકરીઓ સાથે રહે છે. ગતરોજ બપોરના બે વાગ્યાના અરસામાં શૈલેષભાઈ, માતા મંજુલાબેન તેમજ બીજા માસીઓ, મામા ચિમનભાઈ સહિત મોસાળ પ્રભુપુરા ગામે ગયા હતા. ત્યાં જ રહેતા ફરીયાદીના સૌથી મોટી માસીના દિકરા દિલિપભાઈ પ્રભુપુરા ગામે મામાની જમીન અંગે મનદુખ હોવાથી સગા-સંબંધીઓ સાથે સમાજીક રીતે સમાધાન કરવાની વાતચીત કરવા એકઠા થયા હતા. શૈલેષભાઈ તેમના માસીઓ, મામા સહિત પ્રભુપુરા ગામે ઘરે પહોંચતા જ માસી જશીબેનનો દિકરો દિલિપભાઈ મંગાભાઈ બ્રાહ્મણીયા ઘરની બહાર આવીને પોતાના મોબાઈલમાં શુટીંગ ઉતારી રહ્યો હતો. જેથી ચિમનભાઈએ શુટીંગ ન ઉતારવા માટે વિનંતી કરી હતી. તે સમયે દિલિપ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને હાજર તમામ ને ગાળો બોલીને ઘરમાંથી દાંતી લઈ આવીને વિંજવા લાગ્યો હતો. મામાને દાંતી લઈ મારવા માટે દોડતા તેને પકડવા જતા તેણે દાંતીનો હાથો ફરીયાદીને જમણા થાપના ભાગે અને કોણીના ભાગે મારી હતી. જયારે મામાના જમણા હાથે અને કાંડાના ભાગે દિલિપભાઈએ દાંતી મારી હતી. જયારે માસીના દિકરા અરવિંદને કાંડાના ભાગે દાંતીનો હાથો માર્યો હતો. ત્યારબાદ દિલિપ આજે તો તમે બચી ગયા છો, પણ ફરીવાર મારા ઘરે અઆવસો તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપતા ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## વિચરતી વિમુકત જાતિના આગેવાનોની બેઠક યોજાઈ

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ સ્થિત ડો.બાબા સાહેબ આંબેડકર ભવનમાં વિચરતી વિમુકત જાતિઓના આગેવાનોની આગામી તા.૩૧ ઓગસ્ટ ના દિવસે યોજાનાર મહાસંમેલનને અનુલક્ષી જરુરી બેઠકનું અયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેવીપુજક સમાજના અગ્રણીઓ, રાવળ સમાજના આગેવાનો, ગાડલીયા લુહારસમાજના આગેવાનો, નટ, બજાણીયા, વણઝારા, નાયક, ચુંવાળીયા, કોળી અને બાવરી સહિતના સમાજના આગેવાનો હાજર રહ્યા હતા. આગેવાનોએ જવાબદારીઓનો સ્વીકાર કરી ગાંધીનગર થી ૧૦૦ અને ૧૫૦ કિલોમીટર થી વધારે અંતર ધરાવતા વિસ્તારમાંથી વધારે સંખ્યામાં મહાસંમેલનમાં હાજરી આપવા કમિટીના સભ્યો અને વિચરતી વિમુકત જાતિઓના આગેવાનો હાજર રહેશે. વિચતરી વિમુકત જાતિના પડતર માંગણીઓ મુદ્દે સરકાર આગામી તા.૩૧ ઓગસ્ટ સુધીમાં યોગ્ય નિર્ણય નહી લે તો આ વિચરતી વિમુકત જાતિના નાગરીકો પોતાના આખરી નિર્ણય જાહેર કરશે. આ અભિયાનમાં મુખ્ય કમિટીની નિમણુંક કરવામાં આવશે. તે સભ્ય પોતાના પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવે ત્યાં સુધી કોઈ પાર્ટી કે પક્ષના ઉમેદવાર તરીકે ઉભા રહેશે નહી તેવા સોંગંધ લેવામાં આવશે. જયારે ૩૧ ઓગસ્ટ ના મુકિતદિન કાર્યક્રમમાં કોઈ ફેરફાર કરવામાં નહી આવે, જયારે મહાસંમેલન માટે સ્થળની પસંદગી અને પરવાનગી માટે ચર્ચા બાદ નિર્ણય કરવામાં આવશે.

## સરગાસણ સીમમાંથી મળી આવેલા નવજાત બાળકનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૨૫

અડાલજ થી સરગાસણ તરફ જવાના માર્ગ પર પાટીદાર ઓટોની પાછળ ખેતરમાંથી સવારના સમયે એક નવજાત બાળક મળી આવ્યું હતું. ત્યારે આ બાળકની પરિસ્થિતિ ગંભીર હોવાથી તેને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલમાં સારવાર માટે ખસેડાવામાં આવ્યું હતું. ત્યારે બાળકનું વજન ઓછુ હોવાથી અને તેને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાથી હોસ્પિટલના એનઆઈસીયુ વિભાગમાં સઘન સારવાર આપવામાં આવી રહી હતી. છેલ્લા અઠવાડીયાથી ડોકટરોની ટીમ દ્વારા બાળકનું સતત ધ્યાન રાખવામાં આવતુ હતું. ત્યારે ગાંધીનગર સિવિલમાં સારવાર દરમિયાન આ બાળકનું મૃત્યુ નિપજતા તેની અંતિમવિધી કરવામાં આવી હતી.

### હિંડોળા દર્શન

● શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે મંગળવારે મકાઈના હિંડોળા યોજાશે

# તંદુરસ્ત માતા-તંદુરસ્ત બાળ : સ્વચ્છ અને સમર્થ ગુજરાતના નિર્માણનો પોષણયુક્ત આહાર સંગ કર્યો નિર્ધાર

ગાંધીનગર, તા. ૨૫

**સગર્ભાવસ્થા સમયે જો માતાને પુરતુ પોષણ ન મળે તો આવનારૂ બાળક નબળુ રહે છે અને તેને ઘણી બધી સમસ્યાઓમાંથી પસાર થવુ પડે છે. આપણા દેશમાં ઘણી બધી એવી સગર્ભા મહિલાઓ છે જે પુરતુ પોષણયુક્ત આહાર મેળવી શકતી નથી. આ સમસ્યાના નિરાકરણ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા અનેક યોજનાઓ અમલી બનાવાઈ છે જેથી સગર્ભા મહિલાઓ અને બાળકોને પુરતો પોષણયુક્ત આહાર મળી શકે અને સુપોષિત માતા-બાળકના સથવારે સમર્થ અને સક્ષમ સમાજનું નિર્માણ થઈ શકે.**

**સુપોષિત ગુજરાત – બનશે સમર્થ આવતી કાલ**

આપણે સહુ જાણીએ છીએ કે સ્વસ્થ અને તંદુરસ્ત વ્યક્તિઓ સારા સમાજની રચના કરી શકે છે અને સારા સમાજ દ્વારા સક્ષમ રાષ્ટ્રનું નિર્માણ થાય છે. માટે સક્ષમ રાષ્ટ્ર બનાવવા માટે પોષણ અત્યંત મહત્વની બાબત છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પણ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલમાં પોષણને મહત્વ આપવામાં આવ્યું છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ "સહી પોષણ દેશ રોશન"નો મંત્ર દેશને આપ્યો છે. તેમણે દેશમાં પોષણ માટે જાગૃતિ આવે તે માટે પોતાના મન કી બાત કાર્યક્રમમાં અનેક વખત વાતો કરી છે. તેઓ રાજયમાં મુખ્યમંત્રી હતા ત્યારે પણ ગુજરાતને કુપોષણના ચંગૂલમાંથી બહાર લાવવા માટે અનેક પ્રયાસો અને યોજનાઓ હાથ ધરી હતી.

**આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કંડારેલા પથ પર ચાલી આદરણીય** પ્રોટીન અને કેલેરીના પ્રમાણને વધારવા માટે સુખડી યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનામાં ઝહ્રૈં અને પોષણ યુક્ત આહારના નિષ્ણાતો દ્વારા નિયત કરેલી પદ્ધતિથી સુખડી બનાવવામાં આવે છે અને આંગણવાડીમાં બાળકોને અઠવાડિયામાં એક વાર આપવામાં આવે છે.

## ગર્ભવતી મહિલાઓ, ધાત્રી માતાઓ અને બાળકોને પોષણયુક્ત આહાર આપવા માટે સઘન આયોજન

આપવામાં આવે છે. રાજ્યના બાવન લાખથી વધુ વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ મધ્યાહન ભોજન આપવામાં આવી રહ્યું છે. આ સાથે આ યોજના અંતર્ગત બાવન લાખથી વધુ વિદ્યાર્થીઓને ૧૫,૦૯૧ મેટ્રીક ટન ફોર્ટીફાઇડ ચોખાનું વિતરણ કરવામાં આવ્યું છે.

## મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ પોષણયુક્ત આહાર માટે ૮૦૦ કરોડની ફાળવણી

૩૦૦ દિવસ માટે પૂરક પોષણ આહાર આપવામાં આવે છે.

આદિજાતિ વિસ્તારના બાળકોને યોગ્ય પોષણ મળી રહે તે માટે દૂધ સંજીવની યોજના હેઠળ અંદાજે પ્રતિ વર્ષ ૧૨ લાખથી વધુ વિદ્યાર્થીઓને પોષણયુક્ત દૂધ આપવામાં આવ્યું છે.

આદિવાસી વિસ્તારના ૫ જિલ્લાઓ માટે પોષણ સુધા યોજના અમલી હતી. જેનો હવે વિસ્તાર કરીને રાજ્યના ૧૪ આદિવાસી જિલ્લાઓ કરવામાં આવ્યો છે.

આદિવાસી વિસ્તારની બાળાઓનું સ્વાસ્થ્ય સુધરે અને તેઓ શાળાએ આવતી થાય તે બંન્ને હેતુ સર કરવા માટે રાજ્ય સરકારે ધોરણ-૮ સુધી અભ્યાસ કરતી આદિવાસી બાળાઓ માટે ખાસ "અન્ન સંગમ યોજના અમલમાં મૂકી છે. આ યોજના અંતર્ગત બાળા દીઠ ૬૦ કિલો અનાજ આપવામાં આવે છે. જેમાં સત્ર દીઠ ૧૫ કિલો ઘાઉં અને ૧૫ કિલો ચોખા આપવામાં આવે છે.

## સુપોષિત ગુજરાત માટે અનેક યોજનાઓનો પ્રારંભ

**મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પોષણના ઉદ્દેશ્યથી એક યોજના અમલમાં મુકી છે, ,જેનું નામ છે "મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના"**

.

જ્યારે મહિલા ગર્ભવતી હોય ત્યારે અને તેના છ મહિના બાદ જો તેને યોગ્ય પોષણ મળી રહે તો તે માતા અને તેના બાળક બંન્નેનું સ્વાસ્થ્ય સારૂ રહે છે. તેના માટે રાજ્યની ગર્ભવતી અને ધાત્રીમાતાઓને ૧ હજાર દિવસ સુધી વિના મૂલ્યે એક કિલો તુવેર દાળ, બે કિલો ચણા અને એક લીટર ખાદ્ય તેલ દર મહિને આપવામાં આવશે. આ યોજના માટે રાજ્ય સરકાર વર્ષે ૮૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. હાલમાં જ વડોદરાથી ગુજરાત ગૌરવ કાર્યક્રમ હેઠળ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ આ યોજનાનો રાજ્ય વ્યાપી પ્રારંભ કરાવ્યો છે. આ યોજના ગુજરાતના ભવિષ્યને સ્વસ્થ અને સક્ષમ બનાવવાના માટે પાયારૂપ બની રહેવાની છે.

બાળકોના ખોરાકમાં અનાજનું પ્રમાણ વધે અને તેના દ્વારા

રાજ્યની શાળામાં બાળકોને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે પીએમ પોષણ યોજના રાજ્યની અંદાજીત ૩૨ હજાર શાળાઓમાં અમલી છે. આ યોજના અંતર્ગત પ્રાથમિક શાળામાં બાળક દીઠ ૧૦૦ ગ્રામ અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં બાળક દીઠ ૧૫૦ ગ્રામ પુરવઠો

## પીએમ પોષણ યોજના રાજ્યની ૩૨ હજાર શાળાઓમાં અમલી

રાજ્યની લાખો મહિલાઓને સલામત પ્રસૂતિ અને નવજાત શિશુને આરોગ્ય સેવા પૂરી પાડતી ચિરંજીવી યોજના અમલી છે. ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓ માટે "સ્કીમ ફોર એડોલસન્સ ગર્લ્સ" શરૂ કરવામા આવી છે. આ યોજના અન્વયે કિશોરીઓને સાથે રાજ્યમાં પોષણ માટે અન્ય યોજનાઓ પણ કાર્યરત છે.

રાજ્યના બાળકોમાં એનેમિયા અને કુપોષણની ખામીના નિવારણ માટે ભારત સરકાર દ્વારા ચોખાનું ફોર્ટીફીકેશન અને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેના વિતરણ માટે પાયોલોટ પ્રોજેકટને ત્રણ વર્ષ માટે મંજુરી મળેલ છે. તેના માટે ગુજરાત રાજ્યમાંથી નર્મદા જીલ્લાની પસંદગી કરાયેલ છે અને નર્મદા જિલ્લામાં ફેબ્રુઆરી ૨૦૨૦થી ફોર્ટીફીકેશન વાળા ચોખાનું વિતરણ કરવામાં આવેલ છે. તેમજ એપ્રિલ – ૨૦૨૨થી સમગ્ર રાજ્યમાં અમલીકરણ કરવામાં આવેલ છે.

રાજ્યમાં લાભાર્થીઓને પ્રોટીનયુકત પોષણક્ષમ આહાર મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા તુવેરદાળ વિતરણની યોજના અમલમાં મુકવામાં આવી છે. જેમાં તમામ ૭૦ લાખ દ્ર.લ્ર.જી.છ પરિવારોને દર માસે પ્રતિ કુટુંબ એક કિલોગ્રામ તુવેરદાળનું રાહત દરથી વિતરણ કરવમાં આવે છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા અંદાજીત વાર્ષિક રૂ. ૨૦૦ કરોડ ખર્ચ કરવામાં આવે છે.